# ફોર્ડો પર અમેરિકાના બી ટુ બોમ્બરનો હુમલો ઈરાનના પરમાણું કાર્યક્રમને અનેક વર્ષ પાછળ ધકેલી દેશે

ઈરાનનું ફોર્ડો તેમના દેશનું એક મહત્વપૂર્ણ પરમાણુ સંશોધન અને યુરેનિયમ સંવર્ધન સ્થળ છે, જે આંતરરાષ્ટ્રીય સ્તરે ઘણું ચર્ચામાં રહ્યું છે. આ સ્થળ ઈરાનના કોમ શહેરની નજીક, એક પર્વતીય વિસ્તારમાં આવેલું છે અને તેનું પૂરું નામ ફોર્ડો ફ્યુઅલ એનરિચમેન્ટ પ્લાન્ટ છે. ફોર્ડોની સ્થાપના અને તેની ગતિવિધિઓએ વૈશ્વિક રાજનીતિ, ખાસ કરીને ઈરાનના પરમાણુ કાર્યક્રમને લઈને, ઘણો વિવાદ ઉભો કર્યો છે.

ફોર્ડો પરમાણુ સ્થળનું નિર્માણ ઈરાને 2000ના દાયકાની શરૂઆતમાં શરૂ કર્યું હતું, પરંતુ તેનું અસ્તિત્વ 2009 સુધી આંતરરાષ્ટ્રીય સમુદાય માટે અજાણ્યું હતું. 2009માં, ઈરાને આંતરરાષ્ટ્રીય અણુ ઊર્જા એજન્સીને ફોર્ડોની હાજરી વિશે જાણ કરી હતી જેના પછી આ સ્થળ વૈશ્વિક ધ્યાનનું કેન્દ્ર બન્યું. ઈરાનનો દાવો હતો કે ફોર્ડોનો ઉદ્દેશ શાંતિપૂર્ણ હેતુઓ માટે યુરેનિયમનું સંવર્ધન કરવાનો છે, જેમ કે પરમાણુ ઊર્જા ઉત્પાદન અને તબીબી સંશોધન. જોકે, પશ્ચિમી દેશો, ખાસ કરીને યુનાઇટેડ સ્ટેટ્સ અને ઇઝરાયલ, ફોર્ડોનો ઉપયોગ પરમાણુ હથિયારોના નિર્માણ માટે થઈ શકે છે તેવી શંકા વ્યક્ત કરી રહ્યા હતા. ફોર્ડોની રચના એ રીતે કરવામાં આવી છે કે તે હવાઈ હુમલાઓથી સુરક્ષિત રહે. આ સ્થળ પર્વતની અંદર, લગભગ 90 મીટર (295 ફૂટ)ની ઊંડાઈએ આવેલું છે, જે તેને બંકર જેવી સુરક્ષા પૂરી પાડે છે. આ લાક્ષણિકતાને કારણે ફોર્ડોને નાશ કરવો અત્યંત મુશ્કેલ માનવામાં આવે છે, અને આ જ કારણે તે ઈરાનના પરમાણુ કાર્યક્રમનું એક મહત્વનું અને વિવાદાસ્પદ ઘટક બન્યું છે.

ફોર્ડો પ્લાન્ટ યુરેનિયમ સંવર્ધન માટે રચાયેલું છે, જેમાં સેન્ટ્રીફ્યુજ ટેક્નોલોજીનો ઉપયોગ થાય છે. સેન્ટ્રીફ્યુજ એ એવા ઉપકરણો છે જે યુરેનિયમ-235 આઇસોટોપને અલગ કરીને તેની સાંદ્રતા વધારે છે. ફોર્ડોમાં હજારો સેન્ટ્રીફ્યુજ સ્થાપિત કરવામાં આવ્યા છે, જે યુરેનિયમને 20% સુધી સંવર્ધન કરવાની ક્ષમતા ધરાવે છે. આ સ્તરનું સંવર્ધન શાંતિપૂર્ણ હેતુઓ (જેમ કે રિએક્ટર ફ્યુઅલ) માટે વપરાય છે, પરંતુ 90%થી વધુ સંવર્ધન પરમાણુ હથિયારો માટે જરૂરી હોય છે. IAEAના અહેવાલો અનુસાર, ઈરાને ફોર્ડોમાં 60% સુધી સંવર્ધન કર્યું હોવાનું જણાવ્યું છે, જે આંતરરાષ્ટ્રીય ચિંતાનું મુખ્ય કારણ બન્યું છે.

ફોર્ડોની ડિઝાઇન એવી રીતે કરવામાં આવી છે કે તે નાનું પરંતુ અત્યંત સુરક્ષિત અને કાર્યક્ષમ હોય. નતાન્ઝ પ્લાન્ટની તુલનામાં, જે ઈરાનની સૌથી મોટી યુરેનિયમ સંવર્ધન સુવિધા છે, ફોર્ડોનું કદ નાનું છે, પરંતુ તેની ભૂગર્ભ સ્થિતિ અને રક્ષણાત્મક બાંધકામ તેને વધુ મહત્વપૂર્ણ બનાવે છે.

ફોર્ડો ઈરાનના પરમાણુ કાર્યક્રમનું એક મુખ્ય કેન્દ્ર છે, અને તેની ગતિવિધિઓ આંતરરાષ્ટ્રીય રાજદ્વારીના કેન્દ્રમાં રહી છે. 2015માં, ઈરાન અને P5+1 દેશો (યુએસ, યુકે, ફ્રાન્સ, રશિયા, ચીન અને જર્મની) વચ્ચે જોઇન્ટ કોમ્પ્રિહેન્સિવ પ્લાન ઓફ એક્શન કરાર થયો હતો. જેના હેઠળ ઈરાને ફોર્ડોમાં યુરેનિયમ સંવર્ધનની મર્યાદિત ગતિવિધિઓ સ્વીકારી. આ કરાર હેઠળ, ફોર્ડોને સંશોધન અને વિકાસ માટે વાપરવાની મંજૂરી હતી, પરંતુ મોટા પાયે સંવર્ધન પર પ્રતિબંધ હતો. જોકે, 2018માં યુનાઇટેડ સ્ટેટ્સે JCPOAમાંથી ખસી જતાં ઈરાને ફોર્ડોમાં સંવર્ધન ફરી શરૂ કર્યું, જેનાથી તણાવ વધ્યો હતો. ફોર્ડોની ભૂગર્ભ સ્થિતિને કારણે તેને નાશ કરવા માટે બંકર-બસ્ટર બોમ્બની જરૂર પડે છે, જે ફક્ત અમેરિકા જેવા દેશો પાસે જ ઉપલબ્ધ છે. આ સ્થળની સુરક્ષા અને ઈરાનની સંવર્ધન ક્ષમતાઓએ ઇઝરાયલ અને અમેરિકાને ચિંતિત કર્યા હતો, જેઓ ઈરાનના પરમાણુ હથિયારોના વિકાસને રોકવા માટે સૈન્ય કાર્યવાહીની ચેતવણી આપતા રહ્યા છે. જો કે હવે અમેરિકાએ દાવો કર્યો છે કે બી ટુ બોમ્બરે ઇરાનના ફોર્ડો પ્લાન્ટને ધ્વસ્ત કરી નાંખ્યો છે. આ દાવો સાચો છે કે ખોટો તેની તો ખબર નથી પરંતુ આ હુમલાના કારણે ઇરાનનો પરમાણુ કાર્યક્રમ અનેક વર્ષ પાછળ ધકેલાઇ જશે તે સનાતન સત્ય છે.

તાજેતરના અહેવાલો અનુસાર, 22 જૂન 2025ના રોજ, અમેરિકાએ ઈરાનના ત્રણ પરમાણુ સ્થળો–ફોર્ડો, નતાન્ઝ અને ઇસ્ફહાન–પર હવાઈ હુમલા કર્યા હોવાનું જણાવાયું છે. આ હુમલામાં ફોર્ડો પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું, જેમાં બંકર-બસ્ટર બોમ્બનો ઉપયોગ કરીને આ સ્થળને નાશ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આ હુમલાને સફળ ગણાવ્યો અને દાવો કર્યો કે તે ઈરાનની પરમાણુ ક્ષમતાઓને નબળી પાડવા માટે હતો.


આ હુમલાઓએ મધ્ય પૂર્વમાં તણાવ વધાર્યો છે, અને ઈરાને આનો જવાબ આપવાની ચેતવણી આપી છે. X પરના પોસ્ટ્સમાં દાવો કરવામાં આવ્યો છે કે ફોર્ડો ઈરાનની 20 વર્ષની મહેનત અને અબજો ડોલરનું રોકાણ હતું, જેમાં ચીનથી ગુપ્ત રીતે યુરેનિયમ મેળવવું અને વિશ્વભરમાંથી સામગ્રી એકઠી કરવી શામેલ હતું. જોકે, આ માહિતીની સત્તાવાર પુષ્ટિ થઈ નથી, અને આવા દાવાઓને સાવધાનીપૂર્વક જોવું જોઈએ.

ફોર્ડો ઈરાનના પરમાણુ કાર્યક્રમનું એક મહત્વનું ઘટક છે, જે તેની ભૂગર્ભ સ્થિતિ, ટેકનિકલ ક્ષમતાઓ અને આંતરરાષ્ટ્રીય વિવાદોને કારણે વૈશ્વિક ધ્યાન આકર્ષે છે. તે ઈરાનની શાંતિપૂર્ણ ઉર્જા નીતિઓનું પ્રતીક હોઈ શકે છે, પરંતુ તેની સંભવિત સૈન્ય ક્ષમતાઓએ વિશ્વભરમાં ચિંતા ઉભી કરી છે. તાજેતરના હુમલાઓએ ફોર્ડોની સ્થિતિ અને ભવિષ્ય અંગે નવા પ્રશ્નો ઉભા કર્યા છે, જે આગામી સમયમાં આંતરરાષ્ટ્રીય રાજનીતિને પ્રભાવિત કરી શકે છે.

# સૌંદર્યનાં ટહુકા- સૉનેટમાં

આજ કાલ પદ્યના સ્વરૂપોમાં ગઝલની બોલબાલા છે. આંખો વિસ્મયથી ફાટી જાય અને દર દસમાંથી એક-બે ગઝલકાર નીકળી આવે એવો માહોલ સર્જાઈ ગયો છે. સૌ કોઈને અભિવ્યક્ત થવું છે ને એમાં હાથવગું કંઈ હોય તો રદીફ-કાફીયાની આંગળી પકડીને નીકળી પડે છે. નવોદિતોને આ પ્રદેશમાં આવવાનું બારું બની ગયું છે ગઝલ. એવા આ વાતાવરણમાં કોઈ કવયિત્રી સૉનેટ સંગ્રહ લઈને આવે, એમાંય એ સળંગ બીજો સૉનેટ સંગ્રહ હોય તો અવશ્ય આનંદની ઘટના ગણાય. પંડિત યુગના બે પ્રબળ રીતે ઉપસી આવેલાં કાવ્યરૂપો એટલે ખંડકાવ્ય અને બીજું સૉનેટ. બળવંતરાય ઠાકોરે સૉનેટને ગુજરાતીમાં વાવ્યું અને ઉગવા માટેનીં ભોંય પણ સ્થાપી આપી. પછી તો એવો સમય આવ્યો કે આજે એ જરાં પણ પારકું ન લાગે એ રીતે ખેડાયું.

***હજી પણ કવિઓને આંતર ચેલેન્જ આપતું આ સ્વરૂપ ભલે ઓછુ ખેડાતું હોય પણ ચૌદ પંક્તિઓમાં તંગ એવી જગ્યામાં ઘોડા ખેલવવાની ચેલેન્જ સભાન સર્જકને જરૂર મજા કરાવે. એવું જ ભાવકપક્ષે પણ કહી શકાય. પારુલ બારોટ પીંગળનો અભ્યાસ કરીને, પૂર્વે મજબૂત રીતે ઉભરી આવેલી પરંપરાને પચાવીને સૉનેટ સ્વરૂપમાં સાતત્યપૂર્વક પ્રદાન કરી રહ્યા છે***




ગાંધીયુગના કવિઓએ અનેક દિશાઓમાં સૉનેટને વિસ્તારી આપવાનું કામ કર્યું. મોટા મોટા કવિઓનું પ્રદાન આ સ્વરૂપમાં રહ્યું હોવાથી એક સમય એવો પણ આવ્યો કે ભાવક પણ એમાંથી રસ ખોઈ બેસ. તેમ છતાં ઉશનસ્, ઉ.જો., રાજેન્દ્ર શાહ જેવા કવિઓનું માતબર પ્રદાન ઈતિહાસમાં તો ઠીક ભાવકચિત્ત પર પણ એવું જ અકબંધ રહ્યું છે. ખાસ કરીને સાહિત્યરસિયાઓને ઊર્મિ અને વિચારનાં ડબલ કરંટનો અનુભવ કરાવતું આ સ્વરૂપ ઘણાનું માનીતું સ્વરૂપ રહ્યું છે.

**અક્ષરની આરાધના**
**સંપાદનઃ નરેશ શુક્લ**

હજી પણ કવિઓને આંતર ચેલેન્જ આપતું આ સ્વરૂપ ભલે ઓછુ ખેડાતું હોય પણ ચૌદ પંક્તિઓમાં તંગ એવી જગ્યામાં ઘોડા ખેલવવાની ચેલેન્જ સભાન સર્જકને જરૂર મજા કરાવે. એવું જ ભાવકપક્ષે પણ કહી શકાય. પારુલ બારોટ પીંગળનો અભ્યાસ કરીને, પૂર્વે મજબૂત રીતે ઉભરી આવેલી પરંપરાને પચાવીને સૉનેટ સ્વરૂપમાં સાતત્યપૂર્વક પ્રદાન કરી રહ્યા છે એનો પહેલા તો આનંદ વ્યક્ત કરું છું, આવકારું છું.

શાંત ટહુકા નામનાં આ સૉનેટ સંગ્રહમાં કુલ 51 જેટલી રચનાઓ સમાવવામાં આવી છે. એની પ્રસ્તાવનાં કાવ્ય મરમી શ્રી યોસેફ મેકવાને લખી છે. એમણે આ સ્વરૂપની લાક્ષણિકતાઓને આ રીતે મૂકી આપી છે- સૉનેટ એ એક શિસ્તબદ્ધ, સબળ કાવ્યપ્રકાર છે. તેમાં વિચાર, ઊર્મિ કે અરૂઢભાવ સહજ રીતે, વિશિષ્ટ રીતે છંદોમાં અભિવ્યક્ત થાય છે. છંદોમાં રહેલા ચોક્કસ પ્રકારના તાલબદ્ધ લયને કારણે ભાવકમાં વાચકમાં તેનું પ્રત્યાયન થાય છે. એ સમસંવેદન આનંદદાય બની જાય છે. એ જ સૉનેટનો પ્રાણ છે. એટલે કે, વર્ણિત વિષના કથયિત્વમાં તેનું આંતરસત્ત્વ પ્રગટ થાય છે.

અહીં કવયિત્રી પારુલ બારોટે અક્ષરમેળ છંદોમાં એ રીતે પોતાની સર્જનાત્મકતાને આકારવા સમજપૂર્વક મથામણ કરી છે, એ આનંદની વાત છે. આજકાલ ગઝલનું વધુ પડતું ચલણ હોવાથી કવયિત્રીએ એ અક્ષરમેળ છંદોમાં ગઝલ-સૉનેટ ઢાળવાનો પણ પ્રયાસ કર્યો છે. (પ્રસ્તાવના લેખ)

કવિલોકમાં પ્રકાશિત આ રચનામાં પરંપરાગત તત્ત્વજ્ઞાનને સૉનેટમાં ગુલબંકી છંદમાં કેવું સહજ ઢાળી આપ્યું છે.

હું આજ છું હું કાલ છું હું ભૂત છું ભવિષ્ય છું.
સહુ જનો સમર્પતા એ સર્વમાં વરિષ્ઠ છું.
તો એનો અંત જૂઓ-
હું કાર છોડી જે નમે સ્વીકારતો અમાપથી,
સદંતરે હું રાખતો જ સાખ્યમાં પ્રતિષ્ઠ છું.

જોઈ શકાય છે કે, કવયિત્રીની પ્રતિભા, અભ્યાસનો સુમેળ કેવો તો સરસ પરિણામકારી બની આવ્યો છે. સૌથી મોટી લાક્ષણિકતા જોઈએ તો કવયિત્રી હોવાની છાપ એમના સૉનેટમાં સહજ ઘૂંટાઈ આવતી જોઈ શકાય છે. સીમંત, પ્રિયે, મરણાગમન, સ્નેહ શમણાં, છઠ્ઠી, પપ્પા, શિશુપણુ, મારી લેખિની, પાંચાળી– જેવા સૉનેટમાં જે કવિદૃષ્ટિ પ્રગટ થાય છે તે આગવી છાપ છોડનારી છે.

પરંપરાગત સૉનેટથી બદલાતાં વિષય અને વિચાર અભિવ્યક્તિ પ્લાસ્ટિક નામનાં સૉનેટથી જોઈએ..

તમે દાટો વર્ષો, અભિગમ કદી ના જ બદલે,
વળી તોડો ફોડો, કણકણ વિશે રોજ કનડે.
સમસ્યા ભારી છે, ઘરઘર ફરી રાજ કરતું,
કૃતઘ્ની છે તેથી, સખત જ થૈ બાથ ભરતું.

છેલ્લે આદેશાત્મક ટૉન...

અશુદ્ધિને બાળો, તુમુલ જક છે વિશ્વ સઘળે,
સહુ એને નાથો, સહન કરવું તો દુખદ છે.

કેટલાક સૉનેટમાં ખંડ શિખરિણીનો ઉપયોગી પણ કર્યો છે.


ઘણું વેઠ્યું, માણ્યું, પ્રબળ રજનિ કૈં ગઈ વ્યથા,
પ્રતીક્ષા રૂપે કૈં, તરવરી રહ્યા માત્ર પડઘા,
અવળી સવળી ચાલ ન રમું,
સમરસ રહી વ્હાલ જ ભરું.

પારુલ બારોટના સૉનેટમાં નીજી સૂક્ષ્મ સંવેદનાઓથી આરંભીને જીવન-પ્રસંગો, સ્થળો, સ્વજનો, રીત-રિવાજો, વિચારો ઈત્યાદિને સહજ વણી લેવામાં આવ્યા હોવાથી આ સૉનેટ સમૃદ્ધિનો અનુભવ કરાવે છે. એમાં છંદ વૈવિધ્ય હોવા સાથે એના પરંપરાથી અલગ પડતા રૂપો અહીં જોઈ શકાય છે. એ આ સૉનેટને ભાવક માટે અત્યંત મનભાવન નીવડે એવા બનાવે છે.

**(શાંત ટહૂકા (સૉનેટ) પારુલ બારોટ, પ્ર.આ.2024, પ્રકા. રન્નાદે પ્રકાશન, 5812, બીજે માળ, જૈન દેરાસર સામે, ગાંધી રોડ, અમદાવાદ-380 001, કુલ પૃ. 51, કિં.105 રૂ. કાચું પૂંઠું, કાઉન)**

# એક લોકપ્રિય નવલકથા...

નવલકથાકાર શ્રી હસુ યાજ્ઞિકની આ 20મી નવલકથા છે. 'જનસત્તા' વર્તમાનપત્રમાં ધારાવાહી સ્વરૂપે પ્રકાશિત થયેલી આ કથાને વાચકોએ આવકારેલી છે. લોકપ્રિય નવલકથામાં સંબંધોના આટા-પાટા, પ્રેમ અને વિચ્છેદના પ્રસંગો, ધાક-ધમકી ને લડાઈ-ઝઘડા, થોડી દેશ-વિદેશની સફર, બીજા-ત્રીજા જ પ્રકરણની આવી જતી પોલીસ હોટેલ ને પાર્ટીઓ, ગરીબી અને સામે અઢળક સમૃદ્ધિ, નીતિભ્રષ્ટતાની સામે હદ બહારનો આદર્શવાદ, હવે બોલીનો પ્રયોગ પણ ઉમેરાયો છે. આ બધાં વાનાં યુગસન્ધિમાં ઉપલબ્ધ છે. ધનાધન બનતી ઘટનાઓ ભાવકને નખ કરડતાં કરી નાંખે, અખૂટ વહેતો ધસમસતો રહસ્યતંતુ ભાવકને જકડી રાખે એવી આલેખન શૈલી લેખકને હાથવગી છે.




સંજોગોના શિકાર બનેલી બહેનને દરિંદાઓની નાગચૂડમાંથી બચાવવા જંગે ચડેલી રીના અને ગર્ભશ્રીમંત છતાં આદર્શવાદી રહી ગયેલો બિલ્ડર આનંદ- આ બંને કથાના કેન્દ્રો છે. રીના પોતાના બુદ્ધિ સામર્થ્ય અને સૌંદર્યના બળે શત્રુ ઉપર વિજય મેળવવા અને જુવાન બિલ્ડર પોતાના બુદ્ધિ સામર્થ્ય અ સૌંદર્યના બળે શત્રુ પર વિજય મેળવવા અને બિલ્ડર આનંદ પોતાના ભવ્ય સ્વપ્નસમી મોટી સ્કીમ બનાવવા માટે કેવા કેવા પ્રસંગો અને રમતોમાંથી પસાર થઈને ય સફળ રહે છે. પાપનો ક્ષય અને સત્યનો જય થાય છે. તેનું આલેખન કરવામાં આવ્યું છે. નવલકથામાં આ બે પાત્રોની આસપાસ કાળાં કામો કરતાં રાજકારણીઓ, સમાજસેવકો, બિલ્ડરો, અને અસામાજિક ચિત્ર ઘાટા રંગોમાં ઉપસાવ્યું છે. પોલીસ કે રાજકારણીઓ માટે સામાન્યજન જે નજરે જોતો થઈ ગયો છે. તે નજરે લેખકે આલેખન કર્યુ હોઈ બહોળા વાચકવર્ગના માનસને વિશેષ આકર્ષક લાગે. નવલકથાની બીજી વિશેષતા છે- ઠાકોર સમાજનું આલેખન. આનંદના પિતા દામજીબાપાનું પાત્ર આપણી પ્રશિષ્ઠ નવલકથાના શેઠને મળતું આવે એવુ પ્રભાવી,દાનવીર અને ગૌરવપૂર્ણ છતાં માનવીય મર્યાદાનું મેખવાળું બન્યું છે. ઠાકોર સમાજની કેટલીક રીત-ભાતી, માન્યતાઓ, લાક્ષણિકતાઓ લેખકે આલેખી છે. તેનાથી રહસ્યકથાને નવું પરિમાણ મળે છે. આ કથા હપ્તાઓમાં પ્રગટી હોવાથી દર હપ્તે રહસ્ય છોડી જતી ઘટના તો અવશ્ય આવે જ.

આપણાં ગુજરાતી લેખકો બહુ નિર્દય બની નથી શકતા એટલે કોઈપણ રહસ્યકથા કે અપરાધકથામાં પણ વિલનોને ચરમ અવસ્થા સુધી પહોંચે એટલા ક્રૂર કલ્પી જ શકતા નથી. વસ્તુની શક્યતાઓ ઘણી હોવા છતાં રહસ્યને પૂર્ણપણે ખીલવા દીધા વિના, પાપનો ક્ષય કરી દેવા ઉતાવળ કરી નાંખતા હોય છે. એટલે વિદેશોમાં જે ઊંચાઈ, લોકપ્રિય નવલકથાએ મેળવી છે તે કક્ષાની કૃતિઓ આપણે ત્યાં નથી. તર્કનો ઉભડક ઉપયોગ, ધારાવાહી લખાણમાં અનેકવાર લક્ષ્ય ચૂકી જવાથી આડેધડ બનતી ઘટનાઓ પ્રતીતિકર ન રહેતાં પૂર્વનિયોજિત બની રહે છે. આ નવલકથા યુગસન્ધિમાં આરંભની તેજસ્વી, રહસ્યમય રીના પાછળના ભાગે સાવ નિષ્ક્રિય બની ગઈ છે તો આરંભનો આનંદ અંતે જતાં અકારણ જ- કોઈ આંતરિક બદલાવ વિના-

***લોકપ્રિય નવલકથામાં સંબંધોના આટા-પાટા, પ્રેમ અને વિચ્છેદના પ્રસંગો, ધાક-ધમકી ને લડાઈ-ઝઘડા, થોડી દેશ-વિદેશની સફર, બીજા-ત્રીજા જ પ્રકરણની આવી જતી પોલીસ હોટેલ ને પાર્ટીઓ, ગરીબી અને સામે અઢળક સમૃદ્ધિ, નીતિભ્રષ્ટતાની સામે હદ બહારનો આદર્શવાદ, હવે બોલીનો પ્રયોગ પણ ઉમેરાયો છે.***

રીનાને બાજુએ રાખી કેન્દ્ર બની રહે છે. વિલનોનો પક્ષ સાવ અબૂધ અને જડ ભાસે છે અને કથાની મહત્ત્વની ઘટના ભોજલનું ખૂન- જે માતાના ધારિયાથી થયું છે તે વિગત કંઈક અજૂગતી છે. કેમકે, આવી માતાઓના થાનક પર ખડગ્ કે ત્રિશૂળ જોયા છે, ક્યાંય ધારિયું જોયાનું સ્મરણ નથી....પણ ઘણા સમયે આ પ્રકારની કથા વાંચવા મળી એનો આનંદ.

**યુગસન્ધિ (નવલકથા) હસુ યાજ્ઞિક,**

# અમેરિકાની ફર્સ્ટલેડી સિવાય એક મા, પત્ની, પ્રેમિકાનાં સંસ્મરણો

***બિકમિંગ- યુનાઈટેડ સ્ટેટ્સના ભૂતપૂર્વ ફર્સ્ટ લેડી, મિશેલ ઓબામાએ લખેલા એમનાં સંસ્મરણો છે. એમના બાળપણથી માંડીને વ્હાઈટ હાઉસનાં અનુભવો સુધીની અત્યંત અંગત પણ વિચારશીલ જીવનની ઝાંખી કરાવે છે. નિખાલસપણે વાત કરીને મિશેલ ઓબામાએ એમની આત્માનુભૂતિની યાત્રામાં આપણને સહભાગી બનાવ્યા છે***

"બિકમિંગ" એક રસપ્રદ આત્મકથા છે. મિશેલ ઓબામાની જીવન યાત્રાની શરૂઆત સામાન્ય હતી, ત્યાંથી શરૂ કરીને એ દુનિયાનાં સૌથી પ્રભાવશાળી મહિલા કેવી રીતે બન્યાં એ પ્રતિબદ્ધતાની વાત છે. ધ્યેય સુધી પહોંચવાની વાત છે, કંઈક કરી છૂટવાની વાત છે. આ પુસ્તકમાં વાચકોને એક અસાધારણ મહિલાના અંગત અને વ્યવસાયિક જીવનમાંથી ઘણું જાણવા મળે છે; એક એવી મહિલા જેણે પોતાના લાલિત્યથી અને નિષ્ઠાથી ઘણાને પ્રભાવિત કર્યા છે.

**મિશેલને મન મોટી સિદ્ધિ એ છે કે...**

મિશેલ ઓબામાનું જીવન ભારે જહેમતભર્યું રહ્યું છે વિદ્યાર્થી તરીકે, એમનાં વ્યવસાયમાં, મા તરીકે અને ફર્સ્ટ લેડી તરીકે, દરેકમાં સફળ થવા એમણે સદંતર પ્રયાસ કર્યો છે. આ સફરમાં એ પોતાને એક વ્યક્તિ તરીકે સમજી શક્યાં છે, અને બીજાએ નિયત કરાયેલી અપેક્ષાઓ પૂરી કરવા પ્રયત્ન કરવાને બદલે એમને જીવનમાં શું જોઈએ છે એ જાણી શક્યાં છે. મિશેલ એક સ્વાધીન મહિલા છે– એક મા છે, જે નોકરી પણ કરે છે અને પોતાનાં છોકરાઓની સાથે–સાથે સમાજનાં લોકોને પણ મદદ કરવા મથે છે. એમણે જીવનમાં સારી એવી નામનાં મેળવી છે પણ એને લીધે એ બીજાને મદદ કરવાનું બંધ કરે એવું નહીં બને. એમના જીવન ઉપર નજર નાખો તો વ્હાઇટ હાઉસમાં ગાળેલા એમના સમયને મિશેલ સફળ ગણાવે છે. એમના 'લેટ્સ મુવ!' - 'જોઇનિંગ ફોરસિસ' જેવી ઝુંબેશ થકી અમેરિકાના ખૂબ મોટા વર્ગની મદદ કરી ઉપરાંત, આખી દુનિયામાં છોકરીઓ માટે સ્કૂલનો પ્રવેશ–માર્ગ અનુકૂળ બનાવવા માટે અને શિક્ષાને લીધે સામર્થ્ય પ્રાપ્ત થાય તે માટે એમણે 'લેટ ગર્લ્સ લર્ન' ઝુંબેશ ઉપાડી અને અબજો ડોલરનું ભંડોળ ભેગું કર્યું. નિઃસંદેહ આ સિદ્ધિઓ મહાન છે. પણ મિશેલને મન આ બધા કરતાં પણ મોટી એક સિદ્ધિ છે, કે ઘણો સમય માંગી લે એવા સાર્વજનિક હોદ્દા ઉપર હોવા છતાંય, એ અને એમના પતિ, બે અદ્ભુત પુત્રીઓને ઉછેરી શક્યાં.

**Must મસ્ત Read**

**સારાંશ**

» બાળપણ અને પરિવારઃ મિશેલ ઓબામા સાઉથ સાઈડ શિકાગોમાં એમના ઉછેરની વાત કરે છે. એમનાં માતા-પિતા શિક્ષણ અને સામાજિક ભાઈચારાનાં મૂલ્યો ઉપર ઘણો ભાર મૂક્યાં હતાં. મિશેલ ઉપર એનો શું પ્રભાવ પડ્યો એનું પણ વર્ણન છે.

» ભણતર અને વ્યવસાયઃ એ પ્રિનસ્ટન યુનિવર્સિટી અને હાવર્ડ લો સ્કૂલ સહિત પોતાની શૈક્ષણિક સિદ્ધિઓનો ઉલ્લેખ કરે છે. વકીલ તરીકે એમની શરૂઆતની કારકિર્દી અને સાર્વજનિક કાર્યો માટે એમની ઉત્કંઠાની વાત કરે છે.

» બરાક ઓબામાને મળવું : મિશેલ અને બરાક કેવી રીતે મળ્યાં અને નજીક આવ્યા, એ કિસ્સાઓ છે. સાથે-સાથે સામાજમાં અને રાજકારણમાં બદલાવ લાવવાની બંનેની મહેચ્છાની વાત પણ આ પુસ્તકમાં થઈ છે.

» વ્હાઇટ હાઉસમાં જીવન : લેટ્સ મુવ અને રીચ હાયર જેવી ઝુંબેશોની વાત કરીને અને સતત લોકોની નજરમાં રહેવાના પડકારો અને એના લાભોને આપણી સમક્ષ લાવીને, મિશેલ ઓબામા ફર્સ્ટ લેડી તરીકે એમના જીવનની એક ઝલક આપણને આપે છે.

» અંગત સંઘર્ષો : એ નિખાલસપણે એમના અંગત સંઘર્ષોની ચર્ચા આ પુસ્તકમાં કરે છે, પછી એ પરિવારિક અને




જાહેર જીવન વચ્ચે સંતુલન બનાવી રાખવાની વાત હોય કે એમણે અનુભવેલા જાતિવાદના અને વ ર્ગી ક ર ણ ના ભેદભાવની

**અવતરણો**

» તમારી વાર્તા તમારી છે, અને તમારી જ રહેશે. એ તમારી માલિકીની વસ્તુ છે.

» મારે કઈંક 'બનવા' માટે કશેક પહોંચવાનું કે કોઈ લક્ષ્ય સિદ્ધ કરવાનું પર્યાપ્ત નથી. પણ એને લીધે મને આગળ વધવાની પ્રેરણા મળે છે.

» સતત પોતાની જાતને બહેતર બનાવવાનો માર્ગ છે. મહેનત કરવવાનો એક જ રસ્તો છે.

» હું ભાગ્યશાળી છું કે મને વિપુલ માત્રામાં અસમાન્ય લોકો મળ્યા છે. અને હું જે શીખી છું તે છે કેઃ એ બધાને પણ શંકા કરનારાઓ તો મળે જ.

» મોટાઓ બાળકોને ઘણીવાર પૂછે છે મોટો થઈને શું બનીશ? આ સૌથી વ્યર્થ પ્રશ્ન છે. મોટા થવાની પ્રક્રિયાની કોઈ મર્યાદા છે? તમે કશુક બની જાવ એટલે ત્યાં અંત નથી આવતો.

**પુસ્તક : Becoming**
**લેખક : મિશેલ ઓબામા**
**અનુવાદ : નિસર્ગી હેડ**
**ગ્રંથસારાંશ : એકત્ર ફાઉન્ડેશન**

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## શનિ ગૃહે રાહુ

માઈથોલોજી મુજબ સુરતીઓના મામા ગણાતા શનિગ્રહ સૂર્યપુત્ર અને તાપી મૈયા સૂર્ય પુત્રી હોવાનાં લઈને શનિની કુંભ રાશિમાં મતલબ કે, શનિ ગ્રહે રાહુ અષાઢ માસસુધી મહેમાન રહેવાનો છે ત્યારે નેટને આદારે ચાલતા સ્માર્ટ ફોન ઉપર બની બેઠેલા પંડિતોની નભો વાણી સાંભળવાના એટલા બધા અવસર મળે છે કે, જાણે લાંબો દિવસ પણ ટૂંકો પડે છે. વાલ કરુ તો મૂળ ગ્રેવીટી અને સૂર્ય માળાનાં ગ્રહો વચ્ચે રીલેટીવીટી આંતર સંબંધ દર્શાવતા વૈદિક જ્યોતિષ AI ના સહારે આ રાહુ મહારાજ કેવા ખેલ કરાવશે. કોને ખબર?

**ધરમપુર - ધીરૂ મેરાઈ**

## ગુજરાત મોડેલ 11 વર્ષથી ભ્રષ્ટાચારમાં ફળીભૂત થતું લાગે છે

ગુજરાત મોડેલના ધમપછાડા અને મીડિયાના ધમપછાડા સત્ય પુરવાર કરતા આંકડા મુજબ ગુજરાતની હાલની પરિસ્થિતિ જોતાખ્યાલ આવી શકે છે કે બેરોજગારી,મોંઘવારી,ચોરી-લૂંટકાંડ સાથે આરોગ્ય વિષયક નબળી પરિસ્થિતિ દુખાવા સમાન છે.યુવાનોને દરેક પરીક્ષા ફોર્મ ભરીને એક જ ડર હોય છે, પેપર ફૂટી તો નહીં જાયને? આ સતત તણાવા વચ્ચેરોજગારનીઆશા રાખી આગળ ને આગળ વધી રહ્યો હોય તેવો સંદેશ યુવાધનઆપી રહ્યું છે.શું આ ગુજરાત મોડલ હોઈ શકે ખરું?હરણી બોટાકાંડ,રાજકોટ ટીઆરપીકાંડ,કુતરા ખસીકરણ ,ખીચડીકાંડ,રેમ્ડેસિવિર,તક્ષશિલા કાંડ,ભરતીકાંડઆમ તંત્રના સેવકો રાત દિવસ સુંદરકાંડ કરતા રહ્યા તેના ભાગરૂપે સત્તા ભોગવીને અલગ અલગ કાંડ કરીને આજે પણ થાકતા નથી. માંડ માંડ કાંડ ભૂલતા હોય ત્યાં ગુજરાતી પ્રજાજન માથે નવો કાંડ આપી ફરી તંત્ર ચર્ચામાં આવી જાય,જે ગુજરાત મોડેલનું નવું આભૂષણ કહી શકાય છે. જે નાગરિકોએ સ્વીકારી લીધું હોય તેમ આલોચના કરવા વાળા ગણ્યા ગાંઠિયા લોકો જ રહ્યા છે.લોકશાહીમાંએક ધર્મ હોવોજોઈએ જેનું નામ છે માનવતા. માનવ બેદરકારીને કારણે આ માનવ હત્યાનીઆલોચના ન કરવામાં આવશે તો માનવ દેહ રસ્તા પર ખુલ્લેઆમ પડેલો જોવા મળશે.

**પાલ, સુરત - હરિશ ચૌધરી**

## રેડિયોના સંસ્મરણો હજું પણ યાદગાર છે

આજથી લગભગ વીસ-પચ્ચીસ વર્ષ પહેલાં જ્યારે રેડિયોની બોલબાલા હતી. હિન્દી કોમેન્ટરીમાં એ વખતે સુશીલ દોશી, મુરલી મનોહર મંજુલ, જશદેવસિંઘ, સ્કંધ ગુપ્ત તથા રવિ ચતુર્વેદીની બોલબાલા હતી તો અંગ્રેજી કોમેન્ટરીમાં જયપ્રકાશ નારાયણન (જેપી), વી.આર.ચક્રપાણિ, આશિષ રે, સુરેશ સરૈયા તથા અનુપમ ગુલાટીની બોલબાલા હતી તો એક્સપર્ટ કોમેન્ટટેરમાં રાજસિંહ ડુંગરપુર, ચંદુ સરવટે હતાં. આ ઉપરાંત ઉદ્દઘોષકોની રસાળ શૈલી રેડિયો સાંભળનારને મંત્રમુગ્ધ કરી દેતી હતી. અંગ્રેજી વાચકોમાં બોરોન હાઉડાટ, ચંદ્રલેખા, આલ્બર્ટ પિન્ટો જેવા સમાચાર વાંચકો હતાં તો હિન્દીમાં દેવકીનંદન પાંડે, મનોજકુમાર મિશ્ર, રામાનુજ પ્રસાદ સિંઘ, ઈન્દુ વાહી જેવાં સમાચાર વાચકો હતાં. ગુજરાતી સમાચાર વાચકોમાં સવાઈલાલ અજમેરા, શરદ યાદવ, પુષ્પા દેસાઈ, યામિની ધોળકિયા, વિગેરે હતાં તો પ્રાદેશિક સમાચાર વાચકોમાં લેમ્યવુલ હેરી, તથા કલ્પના પાલખીવાલા હતાં. આ ઉપરાંત અમદાવાદ વડોદરા સ્ટેશનના ઉદ્દઘોષકો તરીકે સુધીર આચાર્ય, પ્રેમશંકર ભટ્ટ, સુધા માલન્દે, મતી આશા મંછારામાણી તો રાજકોટ અને ભૂજ કેન્દ્રમાં ભરતભાઈ યાજ્ઞિક, ગિરીશ કેશવાલા, મધુ જેવા ઉદ્દઘોષકો હતાં.

રેડિયો સિલોન ઉપર તો વર્ષો સુધી અમીન સાયાનીનું એકચક્રી શાસન હતું. આ ઉપરાંત તબસ્સુમ (ફૂલ ખીલે હૈ ગુલશન ગુલશન ફેઈમ), મનોહર મહાજન, શિવકુમાર સરોજ, દલવીરસિંહ પરમાર, પદ્મીની પરૈરા તથા મંજૂ રત્નાયકે એમની વિશીષ્ટ શૈલીમાં પ્રચાર તથા પ્રસાર કરતાં હતાં. તો વિવિધ ભારતીમાં ઓમ શર્મા, અશોક સોનવડે, અમરકાંત દૂબે, યુનુશ ખાન તો સ્ત્રી ઉદ્દઘોષિકાઓમાં રેડિયો સખી મમતા સિંહ, રેણૂ બંસલ, નિમ્મી મિશ્રા તથા શહેનાઝ અખ્તરી હતાં. ભલે આપણને રેડિયોમાં આ બધાં સમાચાર વાચકો તથા ઉદ્દઘોષકો તથા ઉદ્દઘોષિકાઓના ચહેરા જોવા મળતાં ન હતાં, પરંતુ એમની સમાચાર વાંચવાની તથા ઉદ્દઘોષણા કરવાની શૈલી અને લઢણ શુદ્ધ ઉચ્ચારો એટલાં પ્રબળ અને ભૂલચૂક વગરના હતા કે તમને રેડિયો સાંભળવા માટે મજબૂર કરી દેતા હતાં.

**હાલોલ - યોગેશભાઈ આર જોશી**

## ચર્ચાપત્રો શા માટે?

કોઈ પણ અખબાર હોય એના તંત્રીપાને તંત્રી (સંપાદક) એની સ્વતંત્ર મરજીનો માલિક તો ખરો પરંતુ ગુજરાતમિત્રનાં બહોળા વાચકવર્ગ એમના વિચારો, મંતવ્યો, અને જનતાને સત્તાવાળાઓને જાણાવવા જોગ જાહેર તકલીફ-ફરિયાદો વાકેફ થાય તે હેતુ જે તે વાચકને એમના મંતવ્યની જાહેર નોંધ લઈને અખબારી પાને ઉજાગર કરે એનો પ્રત્યાઘાત સંબંધિત સત્તાવાળાઓ સમક્ષ યેનકેન પહોંચતી હોય છે. જો કે આ બાબતે દોઢ સદીપાર ગુજરાતમિત્ર દૈનિકે જે રીતે ચર્ચાપત્રીઓને પોતાની શૈલીમાં વિચારો રજૂ કરાવા દઈ શહેરહિતમાં કંઈક કેટલાય વર્ષથી નાગરિકોને પડતી હાલાકીમાંથી મોકળાશ અપાવ્યાના પણ અઢળક કિસ્સાઓ જગજાહેર છે. સાંપ્રત સમયમાં બહોળા પ્રમાણમાં હજુયે કેટલાય ચર્ચાપત્રીઓ પોતાની આગવી શૈલીમાં શહેરહિતની રજૂઆતો કરવા સક્ષમ હોવા છતાંય.. ગુજરાતમિત્રનો વાચક વિચારે છે કે શું? મારા લખવાની કે મારી ફરિયાદને ધ્યાને લેવાશે ખરી? કાગડા બધા જ કાળા..મારે શું? હું ..શું કામ લખું? એની પાસે રહેલો કાગળ-કલમનો ટુકડો પણ જાણે મનોમન નમાલો થઈ હાથ ઉપર હાથ ધરીને સાવ જ પાણીમાં બેસી જાય ત્યારે જ તો સત્તાપક્ષ અને વિપક્ષની ગાંઠ દિવસે દિવસે અતૂટ બનતી જાય છે. અને આખરે તો નાગરિક નમાલો સાબિત થતો રહ્યો છે. સવાલો કરતા તમને કોણ અટકાવે છે?

**સોનીફળિયા, સુરત - પંકજ મહેતા**

## માનવધર્મ અને મૃત્યુ

સર્વશક્તિમાન એકજ છે પણ માનવજાત માનવા તૈયાર નથી. દરેકને પોતાનો અલગ ભગવાન! દરેકનું પોતાનું અર્થઘટન. કોઈ સમજવા જ તૈયાર નથી, કેવી વિટંબણા! કોઈ સમજદાર સમજાવવાનો પ્રયત્ન પણ કરે તો ઠેકો લઈને ફરતા એનો ઊગ્ર વિરોધ, પ્રદર્શન,આંદોલન કરે. મૂર્ખ, નાસમજ,ધર્મ વિરોધી કહી ટીકા ટીપ્પણી થાય. હુમલા થાય. જ્યારે કોઈ ભયંકર હોનારત થાય ત્યારે ન્યાત, જાત, ધર્મ, કોમ બધું ભૂલીને ઊભરી આવે છે માત્ર ને માત્ર એકજ ધર્મ, એ ધર્મ એટલે માનવધર્મ. આવા સમયે કોણે જીવ ગુમાવ્યો, કોણે બચાવ્યા, કોને નુકસાન થયું, કયા ધર્મનાં કે પંથનાં છે? કોણ પૂછે છે? પૂછાય છે તો માત્ર એટલું જ કે કેટલા બચ્યા? બચાવનાર કોણ? કોઈ સંબંધી, મિત્ર, ગુરૂ? ના, કેવળ માનવ. બદલો કે બતાવી દેવાની નબળી માનસિકતા ધરાવનાર પણ કુદરતના પ્રકોપ આગળ લાચાર, બેબશ બની જતો હોય છે.

એક નાનો તણખો કે ગરમ વાસણને હાથ અડી જતાં આપણે ચીસ પાડી ઊઠીએ છીએ તો આગમાં ભડ્થુ થનારની તો કલ્પના માત્રથી થથરી જવાય. સારામાં સારો તરવૈયો કે મહાકાય હાથી પણ પૂરનાં ભયાનક પ્રવાહ સામે ટકી શકતો નથી. બધું નજરે જોયા પછી કે જાણ્યા પછી થોડીવાર વૈરાગ્ય (સ્મશાની) આવી જાય છે પણ આપણે થોડા સમયમાં જ રૂટીનમાં આવી જઈએ છીએ.

**સુરત - અરૂણ પંડ્યા**